At the time of initial posting on June 25, 2021, individuals using assistive technology may not be able to fully access the information contained in this document. A fully accessible version of the document is in preparation and will be posted as soon as it is ready. We regret any inconvenience that this may cause our readers. For assistance, please send an e-mail to ocod@fda.hhs.gov and include 508 Accommodation and the title of the document in the subject line of your e-mail.

## પ્રાપ્તકર્તાઓ અને કાળજી રાખનારા માટે ફેક્ટ શીટ

# ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન(રસી)ની વ્યક્તિગત રીતે 12 વર્ષ અને વધુ ઉંમરના લોકોમાં કોરોનાવાઈરસ ડિસિસ 2019 (કોવિડ-19) અટકાવવા ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઈયુએ)

તમને સાર્ક્સ-સીઓવી-2ને લીધે થતા કોરોનાવાઈરસ ડિસિસ 2019 (કોવિડ-19)ને અટકાવવા ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન(રસી) ની ઓફર કરવામાં આવી રહી છે.આ ફેક્ટ શીટ એવી માહિતી ધરાવે છે કે જે કોવિડ-19ની અત્યારની મહામારીને લીધે તમને મળી શકે તેમ છે તેવી ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનને લગતા જોખમો અને લાભો સમજવામાં તમને મદદરૂપ બનશે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન એ એક વેક્સિન (રસી) છે અને કોવિડ-19થી સંક્રમિત થતા તમને અટકાવી શકે છે. તે કોવિડ-19ને અટકાવવા યુ.એસ.ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની માન્યતા ધરાવતી વેક્સિન નથી.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન વિશે માહિતી મેળવવા આ ફેક્ટ શીટને વાંચો. જો તમને કોઈ પ્રશ્નો હોય તો વેક્સિનેશન (રસીકરણ) પૂરી પાડનાર સાથે વાતચીત કરો. ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન લેવી તે તમારી પસંદગી છે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન 3 સપ્તાહમાં 2-ડોઝની સિરીઝ સ્નાયુમાં આપવાની વ્યવસ્થા ધરાવે છે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન દરેક વ્યક્તિનું રક્ષણ ન પણ કરી શકે.
આ ફેક્ટ શીટ અપડેટ થઈ શકે છે. તાજેતરની ફેક્ટ શીટ માટે કૃપા કરી www.cvdvaccine.com જુઓ.

### તમે આ વેક્સિન(રસી) લો તે અગાઉ તમારે શું જાણવું જરૂરી છે?

**કોવિડ-19 શું છે?**
કોવિડ-19 રોગ સાર્ક્સ–કોવ-2 નામના કોરોનાવાઈરસથી થાય છે. આ પ્રકારનો કોરોનાવાઈરસ અગાઉ જોવા મળ્યો નથી. વાઈરસ ધરાવતી અન્ય વ્યક્તિના સંપર્કમાં આવવાથી તમને કોવિડ-19 થઈ શકે છે. તે મુખ્યત્વે શ્વસનને લગતી બીમારી છે,જે શરીરના અન્ય અંગોને અસર કરી શકે છે. કોવિડ-19 ધરાવતા લોકોમાં વ્યાપક પ્રમાણમાં લક્ષણો જોવા મળે છે અથવા તો નોંધાય છે, જે નજીવા લક્ષણોથી લઈ ગંભીર માંદગી સુધીની રેન્જ ધરાવે છે. વાઈરસના સંપર્કમાં આવ્યા બાદ આ લક્ષણો 2થી 14 દિવસમાં દેખાવા લાગે છે. લક્ષણોમાં : તાવ અથવા ઠંડી લાગવી; ઉધરસ; શ્વાસ લેવામાં તકલીફ પડવી; ખૂબ જ થાક લાગવો; સ્નાયુ અને શરીરમાં દુખાવો થવો; માથુ દુખવું; સ્વાદ અથવા ગંધ ગુમાવવી; ગળામાં દુખાવો થવો;નાકમાંથી વહેવુ; ઉબકા અથવા ઉલટી; ઝાડાનો સમાવેશ થાય છે.

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન (રસી) શું છે?**
ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન મંજૂરી નહીં ધરાવતી વેક્સિન છે,જે કોવિડ-19ને અટકાવી શકે છે. તે કોવિડ-19 અટકાવવા એફડીએ-માન્યતા પ્રાપ્ત વેક્સિન નથી.

એફડીએએ ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઈયુઓ) હેઠળ વ્યક્તિગત રીતે 12 વર્ષ તથા વધારે ઉંમરના લોકોમાં કોવિડ-19 અટકાવવા ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો આપાતકાલીન સ્થિતિમાં ઉપયોગ કરવા અધિકૃતિ ધરાવે છે.

યુઈએને લગતી વધુ માહિતી માટે આ ફેક્ટ ચેકના અંતિમ ભાગમાં **"ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઈયુએ) શું છે?"** તે જુઓ

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન તમે મેળવો તે અગાઉ તમારે વેક્સિન આપનાર સમક્ષ કઈ બાબત રજૂ કરવી જોઈએ?**

**વેક્સિન આપનારને તમારી તબીબી સ્થિતિઓ વિશેની તમામ માહિતી આપો, જે તમે નીચે પૈકીની સ્થિતિ ધરાવતા હોય તો તેનો પણ સમાવેશ કરોઃ**

- કોઈ પણ એલર્જી ધરાવતા હોય
- મ્યોકાર્ડિટિસ (હૃદયના સ્નાયુઓનો સોજો) અથવા પેરીકાર્ડિટિસ (હૃદયની બહારના અસ્તરનો સોજો) છે.
- તાવ આવતો હોય
- રક્તસ્રાવને લગતો વિકાર હોય અથવા લોહી પાતળુ થતુ હોય
- ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ્ડ સ્થિતિ ધરાવતા હોય અથવા એવી દવા ઉપર છો કે જે તમારી રોગપ્રતિકારક ક્ષમતાને અસર કરે છે
- સગર્ભા હોય અથવા ગર્ભાવસ્થા માટે આયોજન ધરાવતા હોય
- સ્તનપાન કરાવી રહ્યા હોય
- અન્ય કોવિડ-19 વેક્સિન મેળવેલી હોય
- ક્યારેય ઇન્જેક્શન લેવામાં બેહોશ થઈ ગયા હોવ

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન કોણે મેળવવી જોઈએ?**

એફડીએ દ્વારા વ્યક્તિગત રીતે 12 વર્ષ અને વધારે ઉંમરના લોકોમાં ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો આપાતકાલીન સ્થિતિમાં ઉપયોગ કરવા અધિકૃતિ આપી છે.

**કોણે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન લેવી જોઈએ <u>નહીં</u>**

જો તમની નીચે પૈકીની કોઈ સ્થિતિ ધરાવતા હોય તો તમારે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન લેવી જોઈએ નહીં:

- આ વેક્સિનના અગાઉ ડોઝ લીધા બાદ ગંભીર એલર્જીક રિએક્શન થાય
- વેક્સિનના કોઈ ઘટકોના મિશ્રણને લીધે ગંભીર એલર્જીકરિએક્શન થયુ હોય

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનમાં કયાં ઘટકોના મિશ્રણ રહેલા હોય છે?**

ફાઈઝર બાયોનટેક કોવિડ-19 વેક્સિનમાં નીચે પ્રમાણેના ઘટકોના મિશ્રણનો સમાવેશ થાય છેઃ એમઆરએનએ, લિપિડ્સ ((4-હાઈડ્રોક્સિબ્યુટીલ) અઝાનેડિયલ બિસ (હેક્સાને-6,1-ડિયલ)બિસ(2-હેક્સિલડિકેનોએટ), [(પોલિઇથિલિન ગ્લાયકોલ)-2000]-એન,એન-ડિટેટ્રાડિસાયલેસેટામાઈડ, 1-2-ડિસ્ટિરોયલ-એસએન-ગ્લાઈસેરો-3-ફોસફોચોલિન, અને

કોલેસ્ટરોલ), પોટેસિયમ ક્લોરાઈડ, મોનોબેસિક પોટેસિયમ ફોસ્ફેટ, સોડિયમ ક્લોરાઈડ, ડિબેસિક સોડિયમ ફોસ્ફેટ ડિહાઈડ્રેટ, અને સુક્રોઝ.

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન કેવી રીતે આપવામાં આવે છે?**
ફાઇઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન સ્નાયુમાં તમને ઈન્જેક્શન વાટે આપવામાં આવશે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન વેક્સિનેશન સિરીઝ 3 સપ્તાહમાં અલગ-અલગ 2 બોઝ આપવામાં આવે છે.

જો તમે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો એક ડોઝ મેળવો તો રસીકરણની આ સિરીઝ પૂરી કરવા 3 સપ્તાહ બાદ તમારે બીજો ડોઝ મેળવવો જોઈએ.

**શું ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો અગાઉ ઉપયોગ કરવામાં આવ્યો હતો**?
ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન મંજૂરી નહીં ધરાવતી વેક્સિન છે. તબીબી પરીક્ષણોમાં 12 વર્ષ અને વધુ ઉંમરના આશરે 23,000 લોકોએ ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો ઓછામાં ઓછો 1 ડોઝ મેળવ્યો છે.

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનના લાભો કયા છે**?
વર્તમાન સમયમાં ચાલી રહેલા તબીબી પરીક્ષણોમાં ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન 3 સપ્તાહમાં અલગ-અલગ 2 ડોઝ વડે કોવિડ-19ને અટકાવતી હોવાનું જોવા મળ્યુ છે. વર્તમાન સમયમાં કોવિડ-19 સામે સુરક્ષાનો સમયગાળો કેટલો છે તે જાણી શકાયો નથી.

**ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનના જોખમો કયાં છે?**

એવી દૂરસ્થ તક રહેલી છે કે ફાઇઝર-બાયોનટેક **કોવિડ-19** રસી ગંભીર એલર્જીક પ્રતિક્રિયા પેદા કરી શકે છે. ગંભીર એલર્જીક પ્રતિક્રિયા સામાન્ય રીતે ફાઇઝર-બાયોનટેક **કોવિડ-19** રસી લેવાની માત્રા મેળવ્યા પછી થોડીવારથી એક કલાકની અંદર થાય છે. આ કારણોસર, તમારા રસીકરણ પ્રદાતા તમને રસીકરણ કર્યા પછી નિરીક્ષણ કરવા માટે જ્યાં તમે રસી પ્રાપ્ત કરી છે તે સ્થળે રહેવા માટે કહી શકે છે. ગંભીર એલર્જીક પ્રતિક્રિયાના સંકેતોમાં આ શામેલ હોઈ શકે છે:

- શ્વાસલેવામાંતકલીફ
- તમારાચહેરાઅનેગળામાંસોજો
- હૃદયનાઝડપીધબકારા
- તમારાઆખાશરીરમાંખરાબફોલ્લીઓ
- ચક્કરઅનેનબળાઇ

જેમણે ફાઇઝર-બાયોનટેક **કોવિડ-19** લીધી છે તે પૈકી કેટલાક લોકોમાં મ્યોકાર્ડિટિસ (હૃદયના સ્નાયુનો સોજો) અને પેરીકાર્ડિટિસ (હૃદયની બહારના અસ્તરનો સોજો) જોવા મળ્યો છે**,** મોટાભાગના લોકોમાં**,** ફાઇઝર-બાયોનટેક **કોવિડ-19** નો બીજો ડોઝ પ્રાપ્ત થયાના થોડા દિવસોમાં જ આ લક્ષણો શરૂ થયા હતા. આવું થવાની સંભાવના ઘણી ઓછી હોય છે. જો તમને ફાઇઝર-બાયોનટેક **કોવિડ-19** પ્રાપ્ત થયા પછી

નીચેના લક્ષણોમાં કોઈ દેખાય તો તરત જ તબીબી સહાય લેવી જોઈએ:

- છાતીનો દુખાવો
- હાંફ ચઢવી
- ઝડપી ધબકારા, હૃદયમાં ફફડાટ અથવા વધુ ધબકતા હૃદયની અનુભૂતિ

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનને લગતી નીચે પ્રમાણેની આડઅસરોનો સમાવેશ થાય છેઃ

- ગંભીરએલર્જીકપ્રતિક્રિયાઓ
- બિન-ગંભીરએલર્જીકપ્રતિક્રિયાઓજેમકેફોલ્લીઓ, ખંજવાળ, શિળસઅથવાચહેરાપરસોજો
- મ્યોકાર્ડિટિસ (હૃદયના સ્નાયુઓનો સોજો)
- પેરીકાર્ડિટિસ (હૃદયની બહારના અસ્તરમાં સોજો)
- ઈજેક્શનની જગ્યાએ દુખાવો
- થાક લાગવો
- માથુ દુખવું
- સ્નાયુમાં દુખાવો
- ઠંડી લાગવી
- સાંધા દુધવા
- તાવ આવવો
- ઈન્જેક્શનની જગ્યાએ સોજો આવવો
- ઈન્જેક્શનની જગ્યાએ લાલ ચકામા થવા
- ઉબકા આવવા
- બેચેનીનો અહેસાસ થવો
- લસીકા ગ્રંથી પર સોજો (લિમ્ફાડેનોપેથી)
- ઝાડા
- ઊલટી
- હાથમાં સોજો

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનથી ગંભીર એલર્જીક રિએક્શન થાય તેવી ખૂબ જ ઓછી શક્યતા રહેલી છે.ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનનો ડોઝ લીધા બાદ સામાન્ય રીતે થોડી મિનિટોથી એક કલાકમાં ગંભીર એલર્જીક રિએક્શન થતી હોય છે. ગંભીર એલર્જીક રિએક્શનના સંકેતોમાં નીચેની સ્થિતિનો સમાવેશ થાય છેઃ

- શ્વાસ લેવામાં તકલીફ
- તમારા ચહેરા અને ગળામાં સોજો થવો
- હૃદયના ધબકારા ઝડપી થવા
- તમારા સમગ્ર શરીર પર ખરાબ ફોલ્લી ઉપસી આવવી
- ચક્કર આવવા અને નબળાઈ અનુભવવી

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19ની તમામ સંભવિત આડઅસરો ન પણ હોઈ શકે. ગંભીર અને બિનઅપેક્ષિત આડઅસરો થઈ શકે છે. ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન હજુ પણ તબીબી પરીક્ષણો અંગે તપાસ-અભ્યાસ થઈ રહ્યો છે.

**આડઅસરો અંગે મારે શું કરવું જોઈએ?**

જો તમને ગંભીર એલર્જીક રિએક્શનનો અનુભવ થાય તો 9-1-1 પર કોલ કરો, અથવા તમારી સૌથી નજીકની હોસ્પિટલ પહોંચો.

કોઈ આડઅસરો તમને પરેશાન કરે અથવા તે દૂર થતી ન હોય તો વેક્સિનેશન આપનાર અથવા તમારા તબીબને કોલ કરો

વેક્સિનની આડઅસરો અંગે **એફડીએ/સીડીસી વેક્સિન એડવર્સ ઈવેન્ટ રિપોર્ટીંગ સિસ્ટમ (વીએઈઆરએસ)**ને જાણ કરો. વીએઈઆરએસનો ટોલ-ફ્રી નંબર 1-800-822-7967 છે અથવા ઓનલાઈન https://vaers.hhs.gov/reportevent.htmlપર જાણ કરો. કૃપા કરી રિપોર્ટ ફોર્મના બોક્સ#18ની પ્રથમ લાઈનમાં "ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન ઈયુએ"નો સમાવેશ કરો.

આ ઉપરાંત, નીચે આપવામાં આવેલી સંપર્ક માહિતી પર તમે ફાઈઝર આઈએનસી.ને આડઅસરો અંગે જાણ કરી શકો છો.

| વેબસાઈટ | ફેક્સ નંબર | ટેલિફોન નંબર |
|---|---|---|
| www.pfizersafetyreporting.com | 1-866-635-8337 | 1-800-438-1985 |

તમને વી-સેફમાં નોંધણી કરવાનો વિકલ્પ પણ આપવામાં આવી શકે છે. વી-સેફ એ એક નવું સ્વૈચ્છિક સ્માર્ટફોન-આધારિત સાધન છે કે જેઓ કોવિડ-19 રસીકરણ પછી સંભવિત આડઅસરોને ઓળખવા માટે રસી અપાયેલી લોકો સાથે તપાસ માટે ટેક્સ્ટ મેસેજિંગ અને વેબ સર્વેક્ષણોનો ઉપયોગ કરે છે. વી-સેફ એવા પ્રશ્નો પૂછે છે જે સીવીસીને કોવિડ-19 રસીઓની સલામતી પર દેખરેખ રાખવામાં મદદ કરે છે. વી-સેફ, જો જરૂરી હોય તો બીજા ડોઝ રીમાઇન્ડર્સ અને સીડીસી દ્વારા લાઇવ ટેલિફોન ફોલો-અપ પણ પૂરી પાડે છે જો સહભાગીઓ કોવિડ-19 રસીકરણ બાદ આરોગ્ય પર નોંધપાત્ર અસરની જાણ કરે છેતો. કેવી રીતે સાઇન અપ કરવું તે વિશે વધુ માહિતી માટે, અહી મુલાકાત લો: www.cdc.gov/vsafe

**જો હું ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન નહીં લેવાનો નિર્ણય કરું તો શું?**

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન લેવી કે ન લેવી તે તમારી પસંદગી છે. તે નહીં લેવાનો તમારો નિર્ણય હોય તો તે તમારા પ્રમાણિત મેડિકલ કેરને કોઈ અસર કરશે નહીં.

**શું ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 ઉપરાંત કોવિડ-19ને અટકાવવા માટે અન્ય કોઈ પસંદગી ઉપલબ્ધ છે?**

વર્તમાન સમયમાં કોવિડ-19થી સુરક્ષા માટે કોઈ જ વૈકલ્પિક વેક્સિન માન્ય નથી. એફડીએ કોવિડ-19ને અટકાવવા અન્ય વેક્સિનનો આપાતકાલિન સ્થિતિમાં ઉપયોગ કરવા મંજૂરી આપી શકે છે.

કોવિડ-19 ને રોકવા માટેની અન્ય રસીઓ કટોકટીના ઉપયોગ માટે અધિકૃતતા હેઠળ ઉપલબ્ધ હોઈ શકે છે.

**શું હું અન્ય વેક્સિન સાથે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન લઈ શકુ છું?**

અન્ય વેક્સિનની સાથે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનના ઉપયોગ અંગે કોઈ માહિતી નથી.

**જો હું સગર્ભા હોવું અથવા સ્તનપાન કરાવતી માતા હોવુ તો શું?**

જો તમે સગર્ભા હોય અથવા સ્તનપાન કરાવતી માતા હોય તો તમારા આરોગ્ય સુવિધા પૂરી પાડનાર સાથે તમારા વિકલ્પો અંગે ચર્ચા કરો.

**શું ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન મને કોવિડ-19 આપશે?**

ના.ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન સાર્ક્સ-કોવી-2 ધરાવતી નથી અને તમને કોવિડ-19 આપી શકે નહીં.

**તમારું વેક્સિનેશન કાર્ડ રાખો**

જ્યારે તમે પ્રથમ ડોઝ લેશો ત્યારે તમને એક વેક્સિનેશન કાર્ડ મળશે, જે ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિનના તમારા બીજા ડોઝ માટે પરત આવો ત્યારે તમારે તે દર્શાવવું પડશે. યાદ રાખો જ્યારે તમે પરત આવો ત્યારે તમારું કાર્ડ સાથે લાવવું.

**વધારાની માહિતી**

જો તમને કોઈ પ્રશ્નો હોય તો નીચે દર્શાવવામાં આવેલ વેબસાઈટની મુલાકાત લો અથવા ટેલિફોન નંબર પર કોલ કરો.

તાજેતરની ફેક્ટ શીટ્સમાં એક્સેસ કરવા કૃપા કરી આપવામાં આવેલ ક્યુઆર કોડને સ્કેન કરો.

| ગ્લોબલ વેબસાઈટ | ટેલિફોન નંબર |
|---|---|
| www.cvdvaccine.com | 1-877-829-2619<br>(1-877-વીએએક્સ-કો19) |

**હું વધુ કેવી રીતે શીખી શકું છું?**

- વેક્સિનેશન પૂરી પાડનારને પૂછો
- સીડીસીનીhttps://www.cdc.gov/coronavirus/2019-ncov/index.html. પર મુલાકાત લો.
- એફડીએની https://www.fda.gov/emergency-preparedness-and-response/mcm-legal-regulatory-and-policy-framework/emergency-use-authorization.પર મુલાકાત લો.
- તમારા સ્થાનિક અથવા સરકારી જાહેર આરોગ્ય વિભાગનો સંપર્ક કરો.

**મારી વેક્સિનેશન (રસીકરણ)ની માહિતી ક્યાં રેકોર્ડમાં રહેશે?**

વેક્સિનેશન પૂરી પાડનાર તમારા રાજ્ય/સ્થાનિક અધિકારક્ષેત્રની ઈમ્યુનિઝેશન ઈન્ફોર્મેશન સિસ્ટમ (આઈઆઈએસ)માં તમારી વેક્સિનેશનની માહિતીનો સમાવેશ કરી શકે છે.તે એ બાબતની ખાતરી કરશે કે જ્યારે તમે બીજો ડોઝ લેવા પરત આવશો ત્યારે તમે સમાન વેક્સિન આપવામાં આવે. આઈઆઈએસ વિશેની વધુ માહિતી માટે https://www.cdc.gov/vaccines/programs/iis/about.html.ની મુલાકાત લો.

**શું મને કોવિડ -19 રસી પ્રાપ્ત કરવા માટે એડમિનિસ્ટ્રેશન ફી ચાર્જ કરી શકાય છે?**
નહીં. આ સમયે, પ્રદાતા તમને રસીના ડોઝ માટે ચાર્જ કરી શકશે નહીં અને જો તમને ફક્ત કોવિડ -19 રસીકરણ પ્રાપ્ત થાય તો તમને તમારા ખિસ્સા માંથી રસી એડમિનિસ્ટ્રેશન ફી અથવા અન્ય કોઈ ફી આપવાની નથી. જો કે, રસીકરણ પ્રદાતાઓ એવા પ્રોગ્રામ અથવા યોજનાથી (ખાનગી વીમા, Medicare, Medicaid, આરોગ્ય સંસાધન અને સેવાઓ પ્રબંધન [HRSA]કોવિડ -19 બિન-વીમા પ્રાપ્તિકર્તાઓ માટે વીમા વિનાનો પ્રોગ્રામ)રસી પ્રાપ્તકર્તા માટે યોગ્ય વળતરની માંગ કરી શકે છે.

**હું સંભાવિત છેતરપિંડીના કેસોને ક્યાં રિપોર્ટ કરી શકું છું?**
સીડીસી કોવિડ -19 રસીકરણ પ્રોગ્રામની આવશ્યકતાઓના કોઈપણ સંભવિત ઉલ્લંઘનથી વાકેફ થતા વ્યક્તિઓને 1 800 HHS ટીપ્સ અથવા https://TIPS.HHS.GOV.પર, યુ.એસ.ના આરોગ્ય અને માનવ સેવા વિભાગના ઇન્સ્પેક્ટર જનરલની ઓફિસમાં જાણ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**કાઉન્ટરમેઝર્સ ઈન્જરી કોમ્પેન્સેશન પ્રોગ્રામ શું છે?**
કાઉન્ટરમેઝર્સ ઈન્જરી કોમ્પેન્સેશન પ્રોગ્રામ (સીઆઈસીપી) એક ફેડરલ પ્રોગ્રામ છે,જે કેટલીક દવાઓ અથવા આ વેક્સિન સહિતની વેક્સિન્સને લીધે ગંભીરરૂપે ઈજા પામનાર કેટલાક લોકોના મેડિકલ કેર અને અન્ય ચોક્કસ ખર્ચની ચુકવણીમાં મદદ કરી શકે છે. સામાન્ય રીતે આ દાવો (ક્લાઈમ) વેક્સિન મેળવ્યા તારીખથી એક(1) વર્ષમાં સીઆઈસીપી સમક્ષ રજૂ કરવા જરૂરી છે. આ પ્રોગ્રામ વિશે વધુ જાણકારી માટે www.hrsa.gov/cicp/ની મુલાકાત લો અથવા 1-855-266-2427 પર કોલ કરો.

**ઈમર્જન્સી યુઝ ઓથોરાઈઝેશન (ઈયુએ) શું છે?**
યુનાઈટેડ સ્ટેટ્સ એફડીએ એ ઈયુએના નામથી ઈમર્જન્સી એક્સેસ મિકેનિઝમ હેઠળ ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન ઉપલબ્ધ બનાવી છે. સેક્રેટરી ઓફ હેલ્થ એન્ડ હુમન સર્વિસિસ (એચએચએસ) ઘોષણાથી ઈયુએ સમર્થન ધરાવે છે, જેમા કોવિડ-19 દરમિયાન ડ્રગ્સ અને બાયોલોજીકલ પ્રોડક્ટ્સનો એવી આપાતકાલિન સ્થિતિમાં ઉપયોગ કરવા મંજૂરી આપવામાં આવી છે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 વેક્સિન એફડીએ-માન્યતા અથવા મંજૂર પ્રોડક્ટ તરીકે સમાન પ્રકારની સમીક્ષામાંથી પસાર થઈ નથી.એફડીએ કેટલાક માપદંડો પૂરા કરવાના સંજોગોમાં ઈયુએ ઈસ્યુ કરી શકે છે, જેમા પર્યાપ્ત, મંજૂરી, વિકલ્પોની ઉપલબ્ધતાનો સમાવેશ થતો નથી. આ ઉપરાંત એફડીએનો નિર્ણય સંપૂર્ણપણે વૈજ્ઞાનિકધોરણે ઉપલબ્ધ પૂરવાને આધાર પર રહેલો છે,જ્યાં પ્રોડક્ટ કોવિડ-19 મહામારી સમયે કોવિડ-19ને અસરકારક રીતે અટકાવી શકતી હોય તેમ જ પ્રોડક્ટના સંભવિત લાભો અને જાણકારી રજૂ કરવામાં આવેલ હોય તથા પ્રોડક્ટના સંભવિત જોખમોથી પણ વાકેફ કરવામાં આવેલ હોય. આ તમામ માપદંડો પૂરા કરીને જ કોવિડ-19 મહામારી સમયે દર્દીની સારવારમાં ઉપયોગ કરવામાં આવતા ઉત્પાદનોને પરવાનગી આપવામાં આવે છે.

ફાઈઝર-બાયોનટેક કોવિડ-19 ક્સિન માટે ઈયુએ ચોક્કસ સમયગાળા માટે અસરકારક રીતે આ પ્રોડક્ટનો આપાતકાલિન ઉપયોગ કરવા યોગ્ય જાહેરાત કરે છે, જે રદ્દ કરવા અથવા નિરથક ન કરવામાં આવે ત્યાં સુધી રહે છે (ત્યારબાદ પ્રોડક્ટ્સ લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય નહીં)

નિર્માતા

ફાઈઝર આઈએનસી., ન્યુ યોર્ક, એનવાય 10017

નિર્માતા

બાયોનટેક મેન્યુફેક્ચરિંગ જીએમબીએચ

એન ડેર ગોલ્ડગ્રુબે 12

55131 મેઈન્ઝ, જર્મની

એલએબી-4.2a

સુધારેલ: 25 June 2021

ઇલેક્ટ્રોનિક મીડિકલ રેકોર્ડ્સ/ઇમ્યુનાઇઝેશન માહિતી વ્યવસ્થા માટે વેક્સિન મેળવનારને આ ફેક્ટ શીટ પૂરી પાડવામાં આવી તે કેપ્ચર કરવા સ્કેન કરો.

બારકોડ તારીખ : 12/2020

એફડીએ આ અનુવાદોને આંતરરાષ્ટ્રીય ઓડિયન્સ સમક્ષ રજૂ કરવા માટેની સર્વિસ તરીકે છે. અમને આશા છે કે આ અનુવાદ તમને મદદરૂપ બનશે. જ્યારે એજન્સી અનુવાદો મેળવવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે તે શક્ય એટલી અંગ્રેજી આવૃત્તિ પ્રમાણે હોય તેવો વિશ્વાસ ધરાવે છે, અમે માની છીએ કે અનુવાદ કરેલ આવૃત્તિઓ અંગ્રેજી આવૃત્તિ જેટલા સટીક, સ્પષ્ટ અથવા પૂર્ણ ન પણ હોય. આ દસ્તાવેજોની અધિકૃત આવૃત્તિ એ અંગ્રેજી આવૃત્તિ છે.